# માનવ સેવા મંદિર

# Manav Seva Mandir

||ન માનુષાત્ પરો ધર્મઃ||

MANAV SEVA MANDIR

FED. ID# 363305973

101 South Church Road • Bensenville, Illinois 60106

Tel. 630-860-9797 • Fax. 630-860-9825

YEAR 27 VOLUME 3 WWW.MANAVSEVAMANDIR.ORG OCTOBER 2013


## સંસ્થા સમાચારઃ

ગયા વખતના આપણા ન્યુઝ લેટરના પ્રકાશીત થયા બાદ આપણે નીચે પ્રમાણેના ઉત્સવો અને પ્રસંગોની ઉજવણી કરી,

૧. ગુજરાતી નાટિકાઃ આપણા મંદિરના મહાલક્ષ્મી હોલમાં શનિવાર, ૮ મી જૂન ૨૦૧૩ના સાંજે "ગુજજુ અટક અટક ના લટક" નામની કોમેડી નાટિકા ભજવવામાં આવી, આશરે ૫૦૦ જેટલા નાટયરસિકોએ ઉત્સાહ પૂર્વક નાટિકા નિહાળી અને મધ્યાંતર વખતે ગરમાગરમ નાસ્તાની મજા માણી.

૨. પીકનીકઃ ગયા વર્ષની જેમ આ વર્ષે પણ મંદિરની પીકનીક ૧૫ મી જૂન ૨૦૧૩ ને શનિવારના દિવસે Busse Woods grove # 29માં યોજાઈ, ધાર્યા કરતાં વધારે પીકનીક રસિયાઓએ પીકનીકની મજા માણી,

૩. વટ સાવિત્રી વ્રત પૂજાઃ રવિવાર,૨૩ મી જૂન ૨૦૧૩ના રોજ આખાય દિવસ દરમ્યાન આશરે ૧૫૦ થી વધારે બહેનોએ "વટ સાવિત્રી વ્રત" ની પૂજાનો લાભ લીધો, અને પોતાના પતિના લાંબા આયુષ્ય માટે યમરાજ તેમજ બ્રહ્મા,વિષ્ણુ અને મહેશની શ્રધ્ધા પૂર્વક પૂજા કરી,

૪. રથયાત્રા : મંગળવાર,૯ મી જૂલાઈ ૨૦૧૩ ની સાંજે ૬:૦૦ વાગે મંદિરના પ્રાર્થના હોલમાંથી રથયાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો. ત્યાર બાદ મંદિરના મકાનની ફરતે ધામધૂમ સાથે ભાવિકોએ ભજન સંગીત સાથે યાત્રા પુરી કરી. આશરે ૫૦ થી વધારે શ્રધ્ધાળુઓ રથયાત્રામાં જોડાયા હતા.

૫. શ્રી કૃષ્ણ ચરિત્ર કથાઃ આ વર્ષે પાટોત્સવ પૂર્વે શનિવાર, ૨૦ મી જુલાઇ ૨૦૧૩ થી ૨૬ મી જુલાઇ ૨૦૧૩ સુધી શ્રી કૃષ્ણ ચરિત્ર કથાનું આયોજન કરવામાં આવ્યું. જાણીતા કથાકાર પૂજ્ય શ્રી ગિરિરાજ શાસ્ત્રીના મધુર કંઠેથી ભગવાન શ્રી કૃષ્ણની બાળલીલાઓનો સાંભળવાનો લ્હાવો સંગીત અને ભજન સાથે લીધો.

૬. હિન્દુ ઇનસાયક્લોપીડિયાનું વિમોચનઃ શનિવાર ૨૭ મી જુલાઈ ૨૦૧૩ ના રોજ પૂજનીય સ્વામી શ્રી ચિદાનંદ સરસ્વતીએ હિન્દુ ઇનસાયક્લોપીડિયાનું વિમોચન, પૂજ્ય શ્રી ગિરિરાજ શાસ્ત્રીજી, માનવ સેવા મંદિરના બંને બોર્ડના સભ્યો અને અન્ય હિન્દુ એસોસીએશનના હોદેદારોની હાજરીમાં કર્યું. (કોઇ હરિ ભક્તને આ ઇનસાયક્લોપીડિયાનો સેટ ખરીદવાની ઈચ્છા હોય તો આપણા મંદિરમાં તપાસ કરશો.) આ પ્રસંગે હાજર રહેલા ૭૦૦ થી વધારે હરિભક્તોની રૂબરૂમાં પૂ. સ્વામીજીએ હિન્દુત્વ ઉપર ખૂબ જ સરસ પ્રવચન કરી, હરિભક્તોને આશિર્વાદ આપ્યા.પૂ. સ્વામીજી, પૂ. શાસ્ત્રીજી અને પૂ. સાધ્વીજીએ સાંજની આરતીમાં હાજરી આપી હતી.

૭. ૨૦ મો પાટોત્સવઃ આપણા મંદિરનો ૨૦ મો પાટોત્સવ શનિવાર, ૨૭ મી જુલાઇ અને રવિવાર ૨૮, મી જુલાઇ ૨૦૧૩ ના રોજ ઉજવવામાં આવ્યો.

શનિવાર ૨૭ મી જુલાઇ ૨૦૧૩ના રોજ સવારની આરતી બાદ વિપ્રવરણી,નવભદ્રમંડળ પૂજા,ગણપતિ પૂજા કળશપૂજા અને ધ્વજા પૂજન બાદ ધ્વજા આરોહણ કરવામાં આવ્યુ. બપોરના વિશ્રામ બાદ સાંજે ૨:૩૦ વાગે ગણપતિ હવન અને નવગ્રહ પૂજાનું આયોજન કરવામાં આવ્યું. સાંજે Hindu Encyclopedia ના વિમોચન અને પૂજ્ય ચિદાનંદ સરસ્વતીજીના પ્રવચન સાંભળવાનો લ્હાવો હરિભક્તોએ લીધો. આરતી અને મહા પ્રસાદ બાદ સર્વે વિખુટા પડયા.રવિવાર, ૨૮ મી જુલાઈ ૨૦૧૩ ના રોજ સવારની મંગળા આરતી પછી પૂજ્ય ગિરિરાજ શાસ્ત્રીના વરદ હસ્તે આપણા સપ્તદેવોનો અભિષેક કરવામાં આવ્યો. અભિષેક બાદ પૂ. શાસ્ત્રીજીએ આપણા પ્રિય પ્રભુની ભક્તિમય ધૂનથી હરિભક્તોને ભક્તિમય બનાવ્યા, અને પ્રવચન આપ્યું.૧૨:૩૦ વાગે મહાપૂજા કરવામાં આવી. ત્યાર બાદ ફળાહાર કર્યો. સાંજના ૨:૩૦ થી ૫:૩૦ સુધી માતાજીનો હવન કરવામાં આવ્યો ત્યાર બાદ અન્નકૂટ અને ગોવર્ધન પૂજા કરવામાં આવી.

સાંજે ૬:૦૦ વાગે પૂજનીય સ્વામી ચિદાનંદ અને પૂ. સાધ્વીજીની અમૃતવાણીનો લાભ હરિભક્તોએ લીધો. ત્યાર બાદ વિપ્ર વિદાય, આરતી, પ્રદક્ષિણા અને છેલ્લા મહા પ્રસાદની સુંદર વ્યવસ્થા કરી હતી, ઉપરોક્ત પ્રસંગો દરમ્યાન મોટી સંખ્યામાં હરિભક્તો હાજરી રહી પાટોત્સવને ઉજ્જ્વળ બનાવ્યો.

૮. ગીતાજ્ઞાન યજ્ઞઃ શનિવાર અને રવિવાર, ૧૦ મી અને ૧૧ મી ઓગષ્ટના રોજ સાંજના ૫:૩૦ થી ૭:૦૦ વાગ્યા સુધી પરમ પૂજ્ય ગીતા મનિષી સ્વામી શ્રી જ્ઞાનાનંદજી મહારાજની અમૃતવાણીમાં શ્રીમદ્ ભગવદ્ ગીતા પ્રવચન ઉપર આપણા પ્રાર્થના હોલમાં રાખવામાં આવ્યું. ૨૦૦ થી વધુ હરિભક્તોએ આ બંને દિવસોએ પ્રવચન, આરતી અને પ્રસાદનો લાભ લીધો.

૯. જન્માષ્ટમી : બુધવાર, ૨૮ મી ઓગષ્ટ ૨૦૧૩ ના દિવસે જન્માષ્ટમીનો ઉત્સવ ઉજવાયો. આ વર્ષે રાતના ૮:૦૦ થી ૯:૦૦ રેડીયો સ્ટાર શ્રી કલ્પના ભરતે ભજન સંગીતનો કાર્યક્રમ આપ્યો, ત્યાર બાદ ૯:૩૦ થી ૧૧ વાગ્યા સુધી પરમ પૂજ્ય ઓમપ્રકાશજી મહારાજે સંગીત સાથે કૃષ્ણ જન્મ પર સુંદર આખ્યાન આપ્યુ. ત્યાર બાદ મહા પૂજા અને રાતના ૧૨ વાગે કૃષ્ણ જન્મ બાદ આરતી અને પ્રસાદ લઈ હરિભક્તો વિખુટા પડયા. ૩૦૦ થી વધુ હરિભક્તોએ હાજરી આપી હતી.

૧૦. નંદ મહોત્સવઃ શનિવાર, ૩૧ મી ઓગષ્ટ ૨૦૧૩ના રોજ સાંજે ૫:૩૦ થી ૭:૩૦ દરમ્યાન નંદ મહોત્સવની ઉજવણી કરવામાં આવી, ત્યાર બાદ આરતી પછી મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી.

૧૧. યોગાકેમ્પઃ શુક્રવાર, ૩૦ મી ઓગષ્ટ ૨૦૧૩ થી મંગળવાર, ૨જી સપ્ટેમ્બર ૨૦૧૩ સુધી આપણા મંદિરમાં યોગાકેમ્પ કરવામાં આવ્યો. જાણીતા યોગી પૂજનીય સ્વામી શ્રી ઓમપ્રકાશજી મહારાજે ચાર દિવસ સુધી જુદી જુદી જાતના આસનો, પ્રાણાયમ અને Meditation દ્વારા આશરે ૫૦ થી વધુ હરિ ભક્તોને યોગાનું શિક્ષણ આપ્યું.

૧૨. ગણેશ ઉત્સવઃ રવિવાર, ૮ મી સપ્ટેમ્બર ૨૦૧૩ – ગણેશ ચતુર્થીના શુભ દિવસે વિઘ્ન વિનાશક ગણપતિ મહારાજની ષોડશોપચાર પૂજા અને ગણપતિ અથર્વશીર્ષના અગિયાર પાઠ સાથે ગણપતિ મહારાજનો અભિષેક કરવામાં આવ્યો આ ઉત્સવ દરમ્યાન દરરોજ સાંજે પંડીતો દ્વારા ગણપતિ અથર્વશીર્ષ અને ગણપતિ પૂજન કરવામાં આવ્યું. ૧૮ મી સપ્ટેમ્બર ૨૦૧૩ને અનંત ચૌદશના દિવસે શ્રી ગણપતિ વિસર્જન કરવામાં આવ્યું, અનેક હરિભક્તો ગણપતિ બાપા મોરીયાના નાદ સાથે વિઘ્ન હરતા દેવના વિસર્જન માટે સરઘસમાં આપણા મંદિરના કંપાઉન્ડમાં જોડાયા, આરતી બાદ સર્વે છુટા પડયા.

૧૩. પૂ. સ્વામી અર્જુનપુરીજી મહારાજનું પ્રવચનઃ રવિવાર, ૨૨ મી સપ્ટેમબરના રોજ મહામંડલેશ્વર બાળ યોગી પૂ. સ્વામી અર્જુનપુરીજી મહારાજનું પ્રવચન પ્રાર્થના હોલમાં રાખવામાં આવ્યું હતું. પૂજ્ય સ્વામીજીએ "રામસે અધિક રામકા દાસા" ઉપર બહુ સુંદર પ્રવચન આપી હરિભકતોને મુગ્ધ કરી દીધા.

૧૪. નવરાત્રિઃ દરેક વર્ષની જેમ આ વખતે પણ શનિવાર, ૫ મી ઓકટોબરના પ્રથમ નવરાત્રિના દિવસે અખંડ દીપ અને જવારાના વાવેતર અને પૂજન સાથે નવરાત્રિની શરૂઆત કરવામાં આવી. સતત નવ દિવસ સુધી દરરોજ રાત્રે બહેનોએ ગરબાની રમઝટ જમાવી, અષ્ટમીનો માતાજીનો હવન શુક્રવાર, ૧૧ મી ઓકટોબરના સાંજે કરવામાં આવ્યો. ૨૦ જેટલા કુટુમ્બોએ ભાગ લઈ શ્રધ્ધા પૂર્વક માતાજીને આહુતિ આપી. આઠમની આરતી અને ગરબા સાથે ૧૨૦૦ થી વધુ હરિભક્તોએ દુર્ગાઅષ્ટમી પ્રેમ અને ભક્તિથી ઉજવી. રવિવાર, ૧૩ ઓકટોબરના રોજ દશેરાની ઉજવણી, માતાજીના જવારા વિતરણ સાથે કરવામાં આવી.

## આપણા આગામી ઉત્સવોઃ

૧. શરદ પૂર્ણિમાઃ આ વખતે શરદપૂર્ણિમાની સાંજે ચંદ્રગ્રહણ હોવાથી આપણે શરદ પૂર્ણિમા શનિવાર, ૧૯ મી ઓકટોબરના રોજ ઉજવીશું

૨. સ્વામી ઈશાત્માનંદજી મહારાજનું પ્રવચનઃ પરમ પૂજ્ય સ્વામીશ્રી આત્મીયાનંદ મહારાજનું વેદાંત ઉપર પ્રવચન આપણા પ્રાર્થના હોલમાં રવિવાર ૨૦ મી ઓકટોબર ૨૦૧૩ નારોજ સાંજે ૬:૦૦ વાગે રાખવામાં આવ્યું છે. સર્વે હરિભક્તોને હાજરી આપવા વિનંતી. આ અંગેની વિશેષ માહિતી મંદિરના બુલેટીન બોર્ડ પર મૂકવામાં આવેલ છે.

૩. ચૂંટણીની તારીખઃ આપ સૌ જાણો છો કે દરેક બીજા વર્ષે મંદિરના Board of trustees અને Executive Board માટે ચૂંટણી કરવામાં આવે છે. આ વર્ષે પણ ૨૦૧૪ અને ૨૦૧૫ ના બોર્ડના સભ્યપદ માટે ચૂંટણીની તારીખ રવિવાર, ૨૪ મી નવેમ્બર ૨૦૧૩ ના રોજ બપોરના ૧૨:૦૧ થી સાંજના ૪:૦૧ સુધીનો સમય નક્કી કરવામાં આવ્યો છે, ચૂંટણી અંગેની વિગતો આપણા મંદિરના નોટિસ બોર્ડ પર મૂકવામાં આવી છે.

૪. જનરલ બોડી મિટીંગઃ દરેક વર્ષની જેમ આ વર્ષે પણ માનવ સેવા મંદિરની જનરલ બોડી મિટીંગ રવિવાર, ૮ મી ડીસેમ્બર ૨૦૧૩ ના રોજ સાંજના ૪:૦૦ થી ૬:૦૦ વાગ્યા સુધી માનવ સેવા મંદિરના મહાલક્ષ્મી હોલમાં રાખવામાં આવી છે. મિટીંગનો એજંડા માનવ સેવા મંદિરના નોટિસ બોર્ડ પર મૂકવામાં આવ્યો છે.

૫. તુલસી વિવાહ: શનિવાર, ૧૬ મી નવેમ્બર ૨૦૧૩ ના રોજ સાંજે ૫:૦૦ થી ૭:૩૦ ની વચ્ચે તુલસી વિવાહનો ઉત્સવ ઉજવાશે. ઉત્સવ બાદ આરતી અને મહાપ્રસાદની વ્યવસ્થા છે.તુલસી વિવાહમાં યજમાન બનવા મંદિરનો સંપર્ક સાધો.

# માનવ સેવા મંદિર

## દિવાળીના દિવસો દરમ્યાન પૂજાની વ્યવસ્થા

### ૧. લક્ષ્મી પૂજન: ગુરૂવાર, ૩૧, ઓક્ટોબર, ૨૦૧૩

સમય: સાંજના ૬:૦૦ થી ૭:૧૫ સુધી
નોંધ: વાઘ બારશ ગુરૂવાર, ૩૧ મી ઓક્ટોબર,૨૦૧૩ના બપોરે ૧૧:૩૮ વાગે પુરી થાય છે. અને ધનતેરશની શરૂઆત ૧૧:૩૮ વાગે થતી હોવાથી ધન પૂજન ઉપરોક્ત સમયે કરવામાં આવશે.

### ૨. મારૂતિ પૂજન અને સુંદરકાંડ : શુક્રવાર,૧ લી નવેમ્બર ૨૦૧૩

સમય: સાંજના ૫:૦૦ થી ૭:૧૫ સુધી
નોંધ: ધનતેરશ શુક્રવાર, ૧લી નવેમ્બર,૨૦૧૩ના સવારે ૧૧:૦૫ વાગે પુરી થાય છે.અને કાળીચૌદશની શરૂઆત ૧૧:૦૫ વાગે થતી હોવાથી મારૂતિ પૂજન ઉપરોક્ત સમયે કરવામાં આવશે.

### ૩. ચોપડા પૂજન: શનિવાર,૨ જી નવેમ્બર ૨૦૧૩

સમય: સાંજના ૬:૦૦ થી ૭:૧૫ સુધી
નોંધ: કાળીચૌદશ શનિવાર,૨ જી નવેમ્બર,૨૦૧૩ ના સવારે ૯:૪૪ વાગે પુરી થાય છે.અને અમાસની શરૂઆત ૯:૪૪ વાગે શરૂ થાય છે. અને અમાસ રવિવાર,૩ જી નવેમ્બર સવારે ૬:૧૧ વાગે પુરી થાય છે.અને નવા વર્ષની શરૂઆત થાય છે.

### ૪. મંગળા આરતી:

નવા વર્ષના દિવસે રવિવાર, ૩ જી નવેમ્બર ૨૦૧૩ના રોજ સવારે ૬:૩૦ વાગે થશે.

### ૫. શૃંગાર આરતી:

નવા વર્ષના દિવસે રવિવારે, ૩ જી નવેમ્બર ૨૦૧૩ના રોજ સવારે ૮:૩૦ વાગે થશે.
નવા વર્ષના દિવસે મંદિરનું ગર્ભ ગૃહ બપોરના ૧:૦૦ થી ૧:૩૦ સુધી બંધ રહેશે.

### ૬. અન્નકૂટ:

શનિવાર, ૯ મી નવેમ્બર ૨૦૧૩ ના રોજ સાંજે ૫:૩૦ વાગે ગોવર્ધન પૂજા શરૂ થશે.
અન્નકૂટ પછી આરતી, પ્રદક્ષિણા પછી મહા પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી છે.

# MANAV SEVA MANDIR NEWS

Since our last News Letter, we have celebrated following events:

1 Gujarati Play: Saturday, June 8, 2013. It was Comedy play named “Gujju Atak Atak Na Latak” More than 500 devotees came and watch the play.

2. Picnic: Saturday June 15, 2013 at Busse Woods Grove # 29 from 10:AM to 6:00 PM.

3. Vat Savitri Puja: Sunday, June 23, 2013. This Puja of Lord Brahma, Visnu, Mahesh and Yamraja is perform by married women for long life of their husbands.

4. Rathyatra: Was celebrated on Tuesday, July 9, 2013 at 6:00 PM. Lord Krishna was riding on Chariot and with Dhun of Krishna Chariot was circled around our temple building.

5. Patotsav: Our 20th Patotsav (20 years since Prana were invocated in Idols) was celebrated on July 27 and July 28, 2013. Prior to that Pujya Giriraj Shastriji’s lecture was arranged from July 20, 2013 through July 26, 2013. He gave 7 days discourses on “Shri Krishna Charitra”. During Patotsav time like every year, Yagna, Abhishek of all Idols and Maha Puja was performed. On Saturday, July 27, 2013, 6:00 PM, H. H. Swami Chidanad Saraswati released American version of Hindu Encyclopedia in our Mahalaxmi Hall. Pujya Giriraj Shastriji, Devi Bhagwatiji, all Board Members, and invited religious leaders from other association were present during this time. After ceremony, Pujya Swamiji gave his speech Hindutva and explained principle of Hinduism. ( Any one who is interested in purchasing Hindu Encyclopedia should contact our office at temple.) On the evening of Sunday, July 28, 2013, Govardhan Puja, Annnakut, Aarti, Pradaxina and Mahaprasad was arranged by our temple.

6. Janmashtami & Nand Mahotsav: Was celebrated on Wednesday, August 28, 2013 with Bhajan Sangeet by Radio star Kalpna Bharat followed by Bhajan Sangeet and Pravachan by H. H. Swami Omprakashji Maharaj. Nand Mahotsav was celebrated on Saturday August 31, 2013 evening.

7. Ganesh Utsav: Ganesh autsav was started on Sunday September, 2013 with Puja, Archana and Abhishek by chanting Ganpati Ahhrvasirsh and Vedic Mantras. On the day ofSeptember 18, 2013 evening Ganesh Utsav was ended with slogan by devotees “Ganpati Bapa Moriya”.

8. Navratri: Navratri was started on Saturday, October 5, 2013 with Akhand Deep and Javara plantation. All nine days Garba/Raas was arranged in the evening . Each and every day ladies devotees enjoyed Garba for nine days.
   On Durgashtami, Ygna was arranged in temple’s compound. More that 1200 devotees came for Darshana of Mataji on this special occasion.
   Dasera was celebrated on Sunday, Oct 13, 2013. Javara was distributed among devotees and Prasad was served.

# Upcoming events:

1. Sharad Purima: will be celebrated after evening Aarti on Saturday, October 19, 2013 in Mahalaxmi Hall.
2. Swami Ishatmanand’s Pravachan on Vedant: Sunday October 20, 2013
3. Laxmi Pujan: Thursday, October 31, 2013 from 6:00 PM to 7:15 PM
4. Maruti Puja and Sundarkand: Friday, November 1, 2013 5:00 PM to 7:15 PM
5. Chopda Pujan: Saturday, November 2, 2013 from 6:00 PM to 7:15 PM
6. Mangla Aarti: On New Year’s Day, Sunday, November 3, 2013 at 6:30 AM
7. Shrungar Aarti: On New Year’s Day, Sunday, November 3, 2013 at 8:30 AM
   “ On Sunday, November 3, 2013 (New Year’s Day) Temple’s Garbh Gruh will be closed from 1:00 PM to 1:30 PM”
8. Annakut: Saturday November 9, 2013 from 5:30 PM to 7:30 PM Followed by Aarti, Pradaxina and Mahaprasad.
9. Tulsi Vivah: On Saturday, November 16, 2013 at 5:00 PM onwards.

## ELECTION

Election for Board members for year 2014-2015 will be held on Sunday, November 24, 2013 between 12:01 PM to 4:01 PM. Nomination details is posted on Temple’s Notice Board. Forms are available at temple’s office.

## GENERAL BODY MEETING

General body Meeting of members of Manav Seva Mandir is scheduled on Sunday, December 8, 2013 at 4:00 PM in Mahalaxmi Hall. Agenda and other details will be posted on our bulletin Board one month in advance.





ભદ્રં કર્ણેભિઃ શૃણુયામ દેવાઃ ।
ભદ્રં પશ્યેમાક્ષભિર્યજત્રાઃ ॥

હે પ્રભુ, અમે કાનથી શુભ સાંભળીએ
અને નેત્રોથી કલ્યાણમય બાબત જોઈએ.

## નૂતન વર્ષાભિનંદન

વિક્રમ સંવત ૨૦૭૦ થી પ્રારંભ થતું નૂતન વર્ષ આપણા માનવ સેવા મંદિર પરિવારના સૌ ભક્ત કુટુંબોને આરોગ્ય, દીર્ઘ આયુષ્ય, સુખ, સમૃદ્ધિ અને આધ્યાત્મિક, આધિદૈવિક અને આધિભૌતિક શાંતિ આપનારું નીવડે એવી પૂર્ણ પુરુષોત્તમ પ્રભુ શ્રી કૃષ્ણ પરમાત્માને નમ્ર પ્રાર્થના છે.

## Happy Diwali and a Prosperous New Year

We wish you all Happy Diwali and a Prosperous New Year. May almighty Lord Shree Krishna bless us all in the Vikram Samvat 2070 and provide Peace, Prosperity and Happiness.

સર્વેઽત્ર સુખિનઃ સન્તુ સર્વે સંતુ નિરામયાઃ ।
સર્વે ભદ્રાણિ પશ્યંતુ મા કશ્ચિત્ દુઃખમાપ્નુયાત્ ॥

સૌ માનવો સુખી થાઓ, સૌ નિરોગી રહો
બધા જ શુભ પામો અને કોઈ પણ દુઃખી ના થાઓ.



# માનવ સેવા મંદિર




||ન માનુષાત્ પરો ધર્મઃ||

# Manav Seva Mandir

101 South Church Road • Bensenville, Illinois 60106

FED. ID# 363305973


NON PROFIT
ORG
U.S. POSTAGE
**PAID**
DES PLAINES, IL
PERMIT NO. 328

SHREEPRINTING.COM 773.267.9500